હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ભલે સાહેબ વિરોધ પક્ષમાં છે પરંતુ નાના હતા ત્યારે, ઘરના વસ્તુ લેવા જતાં ત્યારે આઠ રૂપિયાની વસ્તુ ઘરે બારની આવી એમ કહેતા... તેથી તેઓ નાનપણથી જીએસટીની તરફેમમાં હતાં એવું લખજો...

ધોળાકુવાના વણઝારા વાસમાંથી પાંચ જુગારીઓ ઝડપાયા

૧૮ હજારના મુદ્દામાલ સાથે ઈન્ફોસીટી પોલીસે પાંચેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૩૦

ઈન્ફોસીટી પોલીસને બાતમી મળી હતી કે ધોળાકુવા ગામના વણઝારા વાસમાં બળીયાદેવના મંદિર પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીને આધારે ટીમે દરોડો પાડી પાંચ જુગારીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. રૂ. ૧૮ હજારના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસીટી પોલીસ સર્વેલન્સ ટીમને બાતમી મળતા

સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ડી.બી. વાળા તથા તેમની ધોળાકુવાના વણઝારા વાસમાં બળીયાદેવના મંદિરની આગળ ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. આ સ્થળે જુગાર રમી રહેલા પાંચ શખ્સોને સ્થળ પરથી જ દબોચી લેવામાં આવ્યા હતા. વણઝારા વાસમાં રહેતા અન્ના રૂપલા ચૌહાણ, દિલીપ રૂપલા મરાઠી, ગોવિંદ નાનુ પારધી, સુભાષ નાનુ મરાઠી અને વિજય હરેશ માજીરાણા મળીને પાંચેય શકુનીઓની રૂ. ૧૭,૭૫૦ રોકડ તથા એક મોબાઈલ મળી કુલ રૂ. ૧૮,૭૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શ્રાવણ માસ એટલે દેવોના દેવ એવા ભોલેનાથની આરાધના કરવાનો પવિત્ર મહિનો. આ વખતે શ્રાવણ મહિનામાં ઘણા વર્ષો પછી પાંચ સોમવાર આવેલ છે. મહેસાણા જિલ્લાના ગામ બલાસરના વતની અને હાલ ચાંદખેડામાં રહેતા એવા મુકેશ પંડ્યાએ માચિસની સળીનો ઉપયોગ કરીને ટાંડવ કરતા શિવજીની કલાકૃતિની રચના કરી છે. મુકેશ પંડ્યાએ આજ રીતે આપણા દરેક ભારતીય તહેવારોની રચના તેમની અલગ શૈલીમાં કરી છે.

વરસાદી વિરામ પછી ઉઘાડની આશા ઠગારી નીવડી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં આજે સવારથી વાદળ અને તડકાની સંતાકૂકડી રમાઈ હતી. દિવસભર રહેલા ઉકળાટનું પરિણામ સાંજે નાનકડા વરસાદી ઝાપટાંથી આવતા વાતાવરણમાં ફરી ઠંડક પ્રસરવા પામી હતી. જોકે બે બે દિવસના વરસાદી વિરામ પછી પણ પુરો તડકો ના નીકળતા ખાસ કરીને ગૃહિણીઓમાં નારાજગી જોવા મળી હતી.

રવિવારના રજાના દિવસે સવારથી આકાશમાં વાદળ જોવા મળ્યા હતા અને શહેરના કેટલાક ભાગમાં હળવા છાંટા પણ પડ્યાં હતા. જો કે થોડો દિવસ ચઢતાં જ આકાશમાં સૂર્યદેવે દર્શન આપ્યા હતા અને તડકો જોઈ નગરજનોમાં ઉઘાડ નીકળવાની આશા પ્રસરી હતી. જો કે આ આશા ઝાઝી ટકી નહોતી અને દિવસ દરમ્યાન સતત વાદળોની આવનજાવનના કારણે તડકો બહુ લાંબુ ટકી શકતો નહોતો. સતત વાદળ ઘેરાવાની સાથે શહેરમાં ઉકળાટ ભર્યો માહોલ છવાયેલો રહ્યો હતો અને પવનની ગેરહાજરીથી નાગરિકોએ પણ અકળામણ અનુભવી હતી. જો કે સમી સાંજે વરસેલા હળવા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વાદળ અને સૂરજદાદાની સંતાકૂકડીમાં વરસાદ ના વરસ્યો કે ના પુરો તડકો નીકળ્યો તેવી બેવડી પરિસ્થિતિ જોવા મળી હતી.

સે-૧ ગાયત્રી શકિત પીઠ દ્વારા અસરગ્રસ્તો માટે ફુડપેકેટ અને કરીયાણાની કીટ રવાના

૫૦ મણ સુખડી અને ફુલવડીના પેકેટ બનાસકાંઠા પુરગ્રસ્ત વિસ્તારમાં મોકલાયા

ગાંધીનગર, તા.૩૦

બનાસકાંઠા અને પાટણમાં નદીઓ ગાડીતુર બનતા

આસપાસના ગામડાઓમાં નદીઓના પાણી ઘુસી જતા ગામોના ગામો તારાજ થઈ જવા પામ્યા છે. બનાસકાંઠાના અનેક ગામમાં જાનમાલને મોટીમાત્રામાં નુકશાન થવા પામ્યું છે. ત્યારે બનાસકાંઠાની વ્હારે રાજયના તમામ નાગરીકો આવ્યા છે. શહેરોની સેવાભાવી અને સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા તાત્કાલીક ફુડ પેકેટ અને જીવન જરુરી ચીજવસ્તુ મોકલવામાં આવી હતી. ત્યારે ગાંધીનગર શહેરના સે-૧ ગાયત્રી શકિત પીઠ દ્વારા ૫૦ મણ ફુલવડી અને સુખડીના પેકેટ તૈયાર કરીને અસરગ્રસ્ત વિસ્તારના નાગરીકો માટે મોકલવામાં આવ્યા છે. જયારે પુરના પાણી ઓસર્યા બાદ મોટાભાગના ગામડાઓ તારાજ થતા ઘરમાં ચમચી પણ બચી નથી. ત્યારે રસોડામાં જરુરી પ્રાથમિક ચીજવસ્તુઓની કરીયાણાની કીટ તૈયાર કરીને ગાયત્રી શકિત પીઠના પ્રમુખ કે.વી.ગોહિલ અને કાર્યકરોએ અસરગ્રસ્ત વિસ્તારમાં પુરી પાડી છે. ત્યારે આગામી સમયમાં પણ નાગરીકોમાં સંવેદના જાગૃત થતા સેવા માટે અવિરત ધોધ ચાલુ રહેતા આગામી સમયમાં પણ અનાજની કીટ તેમજ અન્ય જરુરી વસ્તુઓ પણ ટુંક સમયમાં મોકલવામાં આવશે.

બાઈક ઉપર બોટલ લઈને જતાં ધણપ ગામના બે શખ્સો પકડાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક આવેલા ધણપ ગામના બે શખ્સો મોડી સાંજે બાઈક પર વિદેશી દારૂની બોટલ લઈને જતા હોવાની બાતમી ચિલોડા પોલીસને મળતા ટીમે બાઈક સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. રોયલ જનરલ નામની વિદેશી દારૂની બોટલ સાથે ચિલોડા પોલીસે સ્પ્લેન્ડર બાઈક પર નીકળેલા ધણપ ગામના અમિત ભુપતસિંહ રાણા અને વનરાજ વિક્રમસિંહ રાણાની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ કેનાલમાં ઝંપલાવી પ્રેમી યુગલનો આપઘાત

અમદાવાદના દશક્રોઈ તાલુકાના કણભા ગામના ૨૨ વર્ષીય અપરણિત યુવાન અને સરખેજ રહેતી પરિણીત પ્રેમીકાએ ગઈ કાલે અડાલજ કેનાલ પાસે આવીને એકબીજાના હાથ દુપટ્ટાથી બાંધી કેનાલમાં પડતું મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલિસે બંનેના મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

અડાલજ ખાતે જોગણી માતાના મંદિર નજીક નર્મદા કેનાલમાંથી ગઈ બપોરે એક યુવક અને યુવતીના હાથે દુપટ્ટાથી બાંધેલી લાશ મળી આવી હતી. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં પ્રેમી યુગલના મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. કણભા ગામના ૨૨ વર્ષીય અપરણિત યુવાન ભુપેન્દ્ર પોપટજી ઠાકોર અને સરખેજના ઠાકોરવાસમાં રહેતી પરીણિતા કાજલ વિશાલજી ઠાકોર બંને પ્રેમી યુગલે લગ્નસંબંધ શકય ન લાગતા આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

આજે લવાડ ગામથી ગોદડીઓ અને સાડીઓ ધાનેરા મોકલાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામના યુવક મંડળ દ્વારા ૨૦૦ થી વધુ ગોદડીઓ તેમજ સાડીઓ ભરીને મીની ટ્રક સોમવારના રોજ સવારે બનાસકાંઠાના ધાનેરા ખાતે જવા રવાના થશે. આ તમામ ચીજવસ્તુઓ અસરગ્રસ્ત વિસ્તારના નાગરીકોને આપવામાં આવશે.

રાજસ્થાનમાં થયેલા વરસાદના પાણી ધાનેરામાં ઘુસી જતા ધાનેરા પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. ધાનેરામાં ૨૦ ફુટ જેટલું પાણી ઘરોમાં તેમજ દુકાનોમાં ઘુસી ગયુ હતું. પાણીના પ્રવાહમાં નાગરીકોની ઘરવખરી તણાઈ ગઈ છે. ત્યારે નાગરીકો સહાય માટે વલખા મારી રહ્યા છે. ધાનેરાવાસીઓની સહાય માટે સેવાભાવી સંસ્થાઓ આગળ આવી છે. ત્યારે ફુડ પેકેટની સાથો સાથે અન્ય જીવન જરુરી ચીજવસ્તુઓ પણ પુરી પાડવામાં આવે છે. તંત્ર દ્વારા પુરજોશમાં રાહતકાર્યશરુ છે. બનાસકાંઠાના તુટેલા માર્ગોનુંસમારકામ પણ તાત્કાલીક ધોરણે તંત્ર દ્વારા હાથ ધરાયુંછે. ત્યારે ગાંધીનગર જિલ્લાના લવાડ ગામના દહેગામ તાલુકાના લવાડ ગામના યુવક મંડળ દ્વારા ફુડ પેકેટ બનાસકાંઠા મોકલવામાં આવ્યા હતા.

બનાસકાંઠાના અંતરિયાળ ગામોમાં જ્યાં સહાય પહોંચી નથી ત્યાં ભાજપ ગાંધીનગર મહાનગર દ્વારા એક ટીમ ૨૮-૭-૨૦૧૭ રાત્રે ૧૦.૩૦ કલાકે એક ટુકડી મોકલી જેમાં બક્ષી પંચ મોરચાના મહામંત્રી કાનજીભાઈ ઠાકોર અને તેનું ગ્રુપ સાથે ગયું છે.

ચાર ટર્મ (૧૯૯૩-૨૦૧૭) પછી અહેમદ પટેલ માગે છે ગુજરાત કોંગ્રેસ પાસે બર્થ-ડે ગિફ્ટ!

કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને ગુજરાતના પનોતા પુત્ર અહમદ પટેલ ગુજરાત કોંગ્રેસ પાસે બર્થ-ડે ગિફ્ટ માગે છે. સતત ચાર ટર્મ (૧૯૯૩ થી ૨૦૧૭) સુધી રાજ્યસભામાં સંસદ તરીકે ફરજ બજાવતા અહમદ પટેલની પાંચમી ટર્મ માટે પહેલીવાર ૮મી ઓગષ્ટે ફેસલો થવાનો છે. ૨૧મી ઓગષ્ટ ૧૯૪૯માં જન્મેલા વિચક્ષણ રાજનિતીજ્ઞ અહમદ પટેલનું ભાવિ શંકરસિંહ વાઘેલાના હાથમાં છે. વિધાનસભામાં ૫૭ ધારાસભ્યોની સ્ટ્રેન્થ ધરાવતી કોંગ્રેસ પાસે હાલ ૪૬ ધારાસભ્યો છે જે

PM મોદીને પ્રિય આઇફોન છે, મોવાડોની ઘડિયાળ છે, બુલ્ગારી બ્રાન્ડના ચશ્મા છે

વિજયની રેખાથી એક વધુ છે. અહમદ પટેલ ત્રણ વખત એટલે કે ૧૯૭૭ થી ૧૯૮૯ સુધી લોકસભાના સંસદસભ્ય રહ્યાં છે, તે પછી રાજ્યસભામાં ગયા છે. પોલિટીક્સમાં ૧૯૭૬થી એક્ટિવ થયેલા આ નેતા હાલ કોંગ્રેસના બાકી બચેલા ધારાસભ્યોના ભરોસે છે. ૨૧મી ઓગષ્ટે આવી રહેલી તેમની બર્થ-ડે સુધારવાનું કે બગાડવાનું કામ ગુજરાત કોંગ્રેસના આ સભ્યોએ કરવાનું છે...

જાપાનના વડાપ્રધાન ગુજરાતમાં આવશે...

જાપાનના વડાપ્રધાન શિન્ઝો અબે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદમાં અંદાજે એક લાખ કરોડ રુપિયાના ખર્ચે તૈયાર થવા જઈ રહેલા અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવા અમદાવાદની મુલાકાતે આવશે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર થનારા ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેસ્ટિવલ અને જાપાનના બે ઈન્ડસ્ટ્રીઅલ પાર્કનું પણ તેઓ ઉદ્દઘાટન કરશે. આ હેતુસર ગુજરાતના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ, ઉદ્યોગ વિભાગના સુપ્રિમો મનોજ દાસ અને જીઆઈડીસીના એમડી ડી. થારા તાજેતરમાં જાપાનની મુલાકાતે ગયા હતા, તેઓએ જાપાનના વડાપ્રધાન શિન્ઝો અબે નો ટાઈમ નક્કી કર્યો છે. બુલેટ ટ્રેન ઉપરાંત જાપાન માંડલ-બેચરાજીમાં તેમજ સાણંદના ખોરાજમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવે છે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું ખાતમૂહૂર્ત અમદાવાદમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને તેમાં જાપાનના વડાપ્રધાન ગુજરાત આવી શકે છે.

આપણા વડાપ્રધાન મોદી આઇફોન યુઝ કરે છે...

આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટાઈલિસ્ટ છે. વડાપ્રધાન બન્યા પછી તેમણે તેમનો લૂક અને સ્વભાવ ચેન્જ કર્યો છે. તેઓ દેશમાં હોય કે વિદેશમાં તેમની ફેશનની જોરશોરથી ચર્ચા થાય છે. આટલી ઉંમરે પણ તેઓ યુવાનોના આઈકોન બની રહ્યાં છે. મોદી મોવાડો બ્રાન્ડની ઘડિયાળ પહેરે છે જે સ્વિટ્ઝર્લેન્ડની છે. તેઓ ઊંધી ઘડિયાળ બાંધે છે. વડાપ્રધાન મોં બ્લા ની પેન યુઝ કરે છે. આ જર્મન બ્રાન્ડની પેન છે. અમિતાભ બચ્ચન, બરાક ઓબામા, વોરેન બફે અને દલાઈ લામા તે પેનનો ઉપયોગ કરે છે. મોદીને ચશ્મામાં બુલ્ગરી બ્રાન્ડ પસંદ છે જે ઈટાલિયન છે. મોદી ગુજરાતમાં હતા ત્યારે મોબાઈલ ફોન વાપરતાં ન હતા પરંતુ હવે તેઓ આઈફોન વાપરે છે. તેઓ તેના વેરિયંટ અને કલર્સ બદલતાં રહે છે. મોદીના કપડાંમાં જેડ બ્લ્યુ ફેમસ છે. મોદી આંખ, અવાજ અને કપડાંમાં ક્યારેય કોમ્પ્રોમાઈઝ કરતા નથી.

ટામેટાંની કિંમત ઘટશે, ૧૫ દિવસ રાહ જુઓ...

૧૦૦ રૂપિયે કિલો ટામેટાંના ભાવ જોઈને કોઈપણ ગૃહિણી તેની થેલીમાં ટામેટાં લીધા વિના પાછી ઘરે આવે છે. જો કે આ ટામેટાંનો ભાવ ઘટવામાં ૧૫ દિવસની રાહ જોવી રહી, કારણ કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ કહે છે કે ટામેટાંનો સપ્લાય વધતાં તેના ભાવ નીચે આવશે. દેશના સોર્થન સ્ટેટમાંથી ટામેટાં ભારતના બજારમાં ઠલવાશે ત્યારે ટામેટાં ગૃહિણીઓ ખરીદી શકશે. સચિવાલયમાં એક ઓફિસરે કહ્યું હતું કે ભૂતકાળમાં ડુંગળી અને બટાટાના ભાવ આસમાને પહોંચતાં ઈલેક્શન સ્ટેટ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ભાજપે સત્તા ગુમાવી હતી. ટામેટાંના કારણે ગુજરાતની સરકાર જાય નહીં તેની તકેદારી રાખવામાં આવી રહી છે. એનો મતલબ એ થયો કે લોકોને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓમાં ભાવવધારો ગમતો નથી. શાકભાજીના ભાવ વધે તો તેનો ભોગ સરકારો બનતી હોય છે, જો કે તેના માટે જવાબદાર એગ્રીકલ્ચરના એજન્ટો છે.

અચ્છા હુઆ... બહેનો માટે ખૂશખબર- ટામેટાંની કિંમત ૧૫ દિવસમાં ઘટી શકે છે

મહારાષ્ટ્ર તો ઠીક, આંધ્રપ્રદેશ કા ક્યા કરોગે...

સમગ્ર દેશમાં સૌથી વધુ આઠ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કરનારા ગુજરાત રાજ્ય આજે દેશમાં ઔદ્યોગિક મૂડીરોકાણની શક્યતા ધરાવતા દેશના ૨૧ રાજ્યોમાં નંબર વન બન્યું છે. નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમી રિસર્ચના આંકડા પ્રમાણે મોસ્ટ ઈન્વેસ્ટમેન્ટ પોટેન્શિયલમાં ગુજરાત એક નંબરે છે. બીજાક્રમે દિલ્હી આવે છે. ત્રીજાક્રમે આંધ્રપ્રદેશ અને ચોથાક્રમે હરિયાણા આવે છે. ત્યારપછી તેલંગાણા, તામિલનાડુ, કેરાલા, મહારાષ્ટ્ર અને કર્ણાટકા આવે છે. આ રિસર્ચની યાદીમાં ઉત્તરપ્રદેશનો ૨૦મો અને પશ્ચિમ બંગાળનો ૨૧મો નંબર આવ્યો છે. ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનનો ક્રમ ૧૩મો આવ્યો છે. ૨૦૧૬માં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જાહેર કરેલા એક રિપોર્ટ પ્રમાણે આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ઔદ્યોગિક ઈન્વેસ્ટમેન્ટ થયું છે. ભારતના કુલ ૧.૩૮ લાખ કરોડના ઈન્વેસ્ટમેન્ટમાં આંધ્રમાં સૌથી વધુ ૨૧૯૧૪ કરોડનું (૧૫.૮ ટકા) મૂડીરોકાણ થયું છે. બીજા ક્રમે ૧૪.૫ ટકા સાથે ગુજરાત અને ત્રીજાક્રમે ૧૦.૯ ટકા સાથે મહારાષ્ટ્ર આવે છે.

ગુજરાતને હવે કાયમી ડીજીપી મળી શકે છે...

ગુજરાતમાં ઘણાં લાંબા સમયથી પેન્ડીંગ રહેલી આઈપીએસ ઓફિસરોની બદલીઓ ૧૫મી ઓગષ્ટ સુધીમાં કરવામાં આવે તેવી સંભાવના છે. એ સાથે જ કેટલાક જિલ્લા કલેક્ટરોની પણ બદલીઓ ડ્યુ છે. રથયાત્રાના કારણે સરકારે પોલીસ બદલીની ફાઈલ પર હસ્તાક્ષર કર્યા ન હતા પરંતુ હવે આ બદલીઓ થઈ શકે છે, કારણ કે વિધાનસભાની ચૂંટણીને પાંચ મહિના જેટલો જ સમય છે. ગુજરાતને કાયમી ડીજીપી-ડાયરેક્ટર જનરલ ઓફ પુલીસ-પણ જોઈએ છે જે આ બદલીના લિસ્ટમાં સામેલ હશે. આ સાથે સરકાર કેટલીક વિભાગીય બદલીઓ પણ કરી શકે છે જેમાં બોર્ડ અને કોર્પોરેશનના હોદ્દાઓનો પણ સમાવેશ થાય છે. હાલ પોલીસ ભરતીની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે, સરકારે કેટલાક ઓફિસરોને તાજેતરમાં પ્રમોશન પણ આપ્યાં છે પરંતુ બદલીઓની ફાઈલ હજી પેન્ડીંગ બોલે છે.

જરા- તપાસ કરો, પાંચને નોકરી મળવી જોઇએ...

ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો કે એક કરોડનું ઈન્વેસ્ટમેન્ટ થાય ત્યારે ગુજરાતમાં પાંચ યુવાનોને નોકરી મળે છે પરંતુ બદનસીબે ગુજરાતમાં હાલ એક કરોડના રોકાણ સામે માત્ર એક યુવાનને જ નોકરી મળે છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ સ્થિતિ સુધારવા વિભાગોને તાકીદ કરી છે. ગુજરાતમાં ભલે આઠ વાયબ્રન્ટ સમિટ થયાં હોય પરંતુ નોકરીઓ આપવામાં ગુજરાતના ઉદ્યોગ વિભાગના ડેટા ગગડી ચૂક્યાં છે. ટોપ બિઝનેસ સાઈટમાં થયેલા એક વિશ્લેષણમાં દર્શાવવામાં આવ્યું છે કે ગુજરાતનું મૂડીરોકાણ નોકરીના સર્જનમાં કામ આવતું નથી. સરકારનો દાવો છે

તપાસ કરો- એક કરોડના ઇન્વેસ્ટમેન્ટમાં રાજ્યના કેટલા યુવાનોને નોકરી મળે છે

કે જાન્યુઆરી ૧૯૮૩ થી સપ્ટેમ્બર ૨૦૧૬ દરમ્યાન ગુજરાતમાં ૬૨૫૧ પ્રોજેક્ટમાં ૨.૭૬ લાખ કરોડનું રોકાણ થયું છે અને જેના દ્વારા ૧૦.૬૭ લાખ યુવાનોને નોકરી મળી છે. રાજ્યમાં બીજા ૪૦૩૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે અને તેમાં ૯.૫૧ લાખ કરોડનું રોકાણ અને ૯.૩૦ લાખ નોકરીનું સર્જન કરવાનો દાવો કરવામાં આવ્યો છે. વાયબ્રન્ટની આઠ સમિટમાં કુલ ૫૧૩૭૮ એમઓયુમાં ૮૪ લાખ કરોડનું રોકાણ અને નોકરીના દાવા જોતાં આ ગોલ સિદ્ધ થતો લાગતો નથી. મુખ્યમંત્રીએ આ આંકડાની તપાસ કરવા તેમના ઓફિસરોને જણાવ્યું છે.

શું ભાજપના સભ્યો ક્રોસવોટીંગ ન કરી શકે...

ગુજરાતમાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જો કોંગ્રેસના ૧૧ ધારાસભ્યો ક્રોસવોટીંગ કરી શકે તો ભાજપના ધારાસભ્યો રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસવોટીંગ ન કરી શકે? આવો સવાલ સચિવાલયમાં ચર્ચાઈ રહ્યો હતો. એક અધિકારીએ કહ્યું કે ક્રોસવોટીંગ એ કોઈ પાર્ટીનો ઈજારો નથી. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ગુજરાતમાં ક્રોસ વોટીંગ થયું છે, પણ સાથે સાથે અન્ય રાજ્યોમાં પણ થયું છે. રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ કરવું એ આજકાલની પ્રણાલિકા નથી. તે વર્ષોથી ચાલ્યું આવે છે. ગુજરાતમાં ભૂતકાળમાં ક્રોસવોટીંગ થયેલું છે. અહીં સવાલ એ આવે છે કે કોંગ્રેસના રાષ્ટ્રીય અને પ્રદેશના નેતાઓ ભાજપના ૧૨૦ ધારાસભ્યોમાંથી ક્રોસવોટીંગ ન કરાવી શકે? જવાબ ના છે, કેમ કે ક્રોસવોટીંગમાં સભ્ય પકડાઈ જાય છે અને પકડાઈ જાય તો વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાંથી પાર્ટી તેને આઉટ કરી દેશે. આ કોંગ્રેસ નથી, ભાજપ છે. બીજું કે જ્યાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા દિગ્ગજ નેતાઓ મોજૂદ હોય ત્યાં ક્રોસવોટીંગ કેવી રીતે થાય, કોની હિંમત છે કે કોંગ્રેસના ઉમેદવારને મત આપે....

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત